અપીલ અરજી નં.૩૮૦ તા.૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૯–૨–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનના ઝોનલશ્રી પાસે તા.૩–૧–૧૧ થી આઈડી નં.૧૦૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ તેમાં જણાવવામાં આવેલ છે કે રેકોર્ડ ઉપર માહિતી નથી તો તમે મને અભિપ્રાય આપો કે કયા અધિકારીના ટાઈમમાં આ રેકોડ ગુમ થયો તમારો અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૦/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૯–૨–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનના ઝોનલશ્રી પાસે તા.૩–૧–૧૧ થી આઈડી નં.૧૦૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ તેમાં જણાવવામાં આવેલ છે કે રેકોડ ઉપર માહિતી નથી તો તમે મને અભિપ્રાય આપો કે કયા અધિકારીના ટાઈમમાં આ રેકોડ ગુમ થયો તમારો અભિપ્રાય આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૬૬૩ તા.૧૯–૨–૧૧ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે બાબત હેઠળના રેકર્ડની ઉપલબ્ધતા નાશ નિકાલની હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૨ તા.૧૪–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં જણાવેલ બાબતે હકીકતલક્ષી માહિતી જોઈએ છે કે જાહેર માહિતી અધિકારીનો અભિપ્રાય તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગનેકોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૩–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રીનો અભિપ્રાય જોઈએ છે તેવું જણાવતો પત્ર મળેલ છે.

અરજદારની તા.૯–૨–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનના ઝોનલશ્રી પાસે તા.૩–૧–૧૧ થી આઈડી નં.૧૦૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ તેમાં જણાવવામાં આવેલ છે કે રેકોર્ડ ઉપર માહિતી નથી તો તમે મને અભિપ્રાય આપો કે કયા અધિકારીના ટાઈમમાં આ રેકોર્ડ ગુમ થયો તમારો અભિપ્રાય આપવા બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૧૬૬૩ તા.૧૯–૨–૧૧ થી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવામાં આવે છે. આ એકટ અંતર્ગત અભિપ્રાય આપવાની જોગવાઈ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે (૧) જાહેર માહિતી અધિકારીએ જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે. (૨) આરટીઆઈ એકટની જોગવાઈના ભંગ સબબ કાનૂની હુકમ કરશો અને નિયમ અનુસાર માહિતી આપશો. (૩) માહિતી અધિકાર –૨૦૦૫ના એકટ નં.૨૨ મજૂરીની તા.૫–૬–૦૫ ના પ્રકરણ–૧ માં પ્રાથમિક કલમ–૨ વ્યાખ્યાઓની (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં માહિતી અધિકારીએ અભિપ્રાય આપવામાં આવેલ નથી. (૪) સુમપાએ સરકારી સંસ્થા હોય નિયમ મુજબ દરેક વિભાગના રેકોર્ડ રાખવાના તમામ વિભાગની હોય છે તેના અનુસંધાનમાં સુમપાએ રેકોર્ડ વિભાગ બનાવેલ છે જેમાં તમામ રેકોર્ડ સાચવવામાં આવે છે તેમ છતાં ગેરમાર્ગે દોરવામાં આવે છે. (૫) સેન્ટ્રલઝોન તેમજ ઉધનાઝોનના વિસ્તારમાં ગલીએ ગલીમાં જરી ગીલીટના એકમો ચાલે છે આ તમામ એકમોની નોંધણી ગુમાસ્તા વિભાગમાં થાય છે અને કરવામાં પણ આવે છે અને આ તમામ એકમોવાળા પાસે વ્યવસાયવેરો પણ વસુલ કરવામાં આવે છે તેમ છતાં રેકોર્ડ નથી તેવું ખોટું જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે રજૂઆત અરજદારની અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે.

અરજદારની આઈ ડી નં.૧૧૮૯ તા.૯–૨–૧૧ ની અરજીથી અરજદારે અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીમાં અરજદારે સેન્ટ્રલઝોનમાં ચાલતાં જરી ચાંદીના ગીલીટ તેમજ જરી ગીલીટના બાકડાઓની ટોટલ સંખ્યા કેટલી અને તેમાં કાયદેસર કેટલા અને ગેરકાયદેસર કેટલા છે. સેન્ટ્રલઝોનના વડા હોવાથી તેનો અભિપ્રાય આપો. તેવી અરજી સામે જાહેર માહિતી અધિકારીએ ઉપરોકત રેકર્ડ ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના આરોગ્ય ખાતાના રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. જેના પૂરક પ્રશ્નમાં સેન્ટ્રલઝોનના પાસે તા.૩–૧–૧૧ ની અરજીથી આઈ ડી નં.૧૦૧૧ થી જે માહિતી માંગવામાં આવેલ છે તેમાં જણાવવામાં આવેલ છે રેકર્ડ ઉપર માહિતી નથી. તો કયા અધિકારીના ટાઈમમાં આ રેકર્ડ ગુમ થયો છે તેનો અભિપ્રાય આપો. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ બાકડાઓની સંખ્યા અને ગેરકાયદેસર બાકડાઓ રેકર્ડ ઉપર ન હોવાનું જણાવેલ છે. તેમાં માહિતી ગુમ થઈ હોય અને રેકર્ડ નથી તેવું

જણાવેલ નથી અને તેથી કયા અધિકારીના સમયમાં ગુમ થયેલ હોય તેવું જણાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં કે રેકર્ડ ગુમ થયાનો અભિપ્રાયનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય નહીં. જયારે અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીના પરિપ્રેક્ષ્યની બહાર ઉપસ્થિત કરેલ કલમ–૨(એફ)નો અભિપ્રાય, આરટીઆઈ જોગવાઈનો ભંગ, અને સેન્ટ્રલઝોન સિવાયના ઉધનાઝોન વિસ્તારની રજૂઆત વિગેરે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોના સંદર્ભે પોતાનો પક્ષ રજૂ કરેલ નથી. આમ અરજદારની મુળ તકરાર આરટીઆઈ એકટની કલમ–૨(એફ) હેઠળ અભિપ્રાયો આપવા બાબતેની છે. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં તેમના તા.૧૭–૩–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીના અભિપ્રાય માટે આગ્રહ રાખેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અભિપ્રાયો આપવાના રહેતા નથી તેવું જણાવેલ છે. જયારે અરજદાર તરફથી કાયદાની કલમ ટાકીને સદરહુ માહિતી ખોટી આપ્યાનો દાવો કરેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે કાયદાકીય અર્થઘટનના પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી તેમ કરવાની સત્તા સામાન્ય રીતે સક્ષમ અદાલતને હોય છે આથી અરજદાર પોતાના દાવાને પોતાના જ અભિપ્રાયથી સમર્થન આપી ખોટી હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં અત્રે માહિતીનું સ્વરૂપ અભિપ્રાયરૂપે રહેલું હોય અને જો તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય અને જાહેર માહિતી અધિકારીના તાબા હેઠળ હોય ત્યારે તે પૂરી પાડવાની રહે છે નહીં કે કાયદાકીય અભિપ્રાયો સર્જન કરીને આપવાનું. આથી અરજદારની કાયદાકીય અભિપ્રાય મેળવવાનો આગ્રહ આરટીઆઈના કાયદા અને જોગવાઈઓ સાથે સુસંગત નથી. આમ અરજદારે આ અગાઉ પણ સદર અરજી બાબતે સંયુકત રીતે**SMC/FAP/** નં.૩૬૧/૨૦૧૦–૧૧ તા.૨૪–૨–૧૧ થી કરેલ અપીલ અરજીમાં સંયુકત રીતે આઈ ડી નં.૧૧૦૦ થી ૧૧૦૪ તેમજ ૧૧૮૯ ની સંયુકત અરજી સાથે પણ તેનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગે સરખી બાબતે હુકમ નં.૧૪૯૮ તા.૨૮–૩–૧૧ થી હુકમ કરવામાં પણ આવેલ છે તેમાં પણ જણાવેલ છે. જે અનુસાર હુકમના બીજા પાનાના ત્રીજા પેરામાં રેકર્ડ ગુમ થયાનો પ્રશ્ન નથી તે અંગે ઉલ્લેખ કરવા સાથે અરજદારને બાબત હેઠળની અપીલ અંગે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી લાગત દફતર–રજીસ્ટરની તપાસણી મેળવવા હુકમ પણ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે. પ્રસ્તુત કેસમાં પૂર્વ નિર્ણયવાદના સિધ્ધાંત અનુસાર હયાત લાગત દફતરની તપાસણી માટે અગાઉ તક આપેલ છે જ. નેથી પ્રસ્તુત કિસ્સામાં રેકર્ડ ગુમ થવાનો પ્રશ્ન ન હોઈ. જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર આરટીઆઈના કાયદા સાથે સુસંગત છે. તેથી માહિતી અધિકારીનો નિર્ણય ગ્રાહય રાખી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,